**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૭ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૩૬ ટકા

# નવતપના કારણે ગરમીનો પ્રકોપ વધશે

## નવતપ એટલે સૂર્યની પ્રચંડ અને સીધી ગરમીનો ૯ દિવસનો સમયગાળો







ગાંધીનગર, તા.૨૫

નવતપનો સંબંધ સૂર્યના નક્ષત્ર પરિવર્તન સાથે છે. જ્યારે સૂર્ય રોહિણી નક્ષત્રમાં પ્રવેશ કરે છે, ત્યારે નવતપ શરૂ થાય છે, જે નવ દિવસ સુધી ચાલે છે. જ્યોતિષમાં નવતપ વિશે ઘણી માન્યતાઓ છે. આ નવ દિવસ દરમિયાન હવામાનનું અવલોકન કરીને વરસાદની આગાહી કરવામાં આવે છે.

તો....નવતપ એટલે સૂર્યની પ્રચંડ અને સીધી ગરમીનો ૯ દિવસ નો સમયગાળો. આ ૯ દિવસ માટે ખૂબ જ ગરમી નો પ્રકોપ જોવા મળે છે. નવતપ દરમિયાન, સૂર્ય પૃથ્વી થી સૌથી નજીક હોય છે તથા સૂર્યના કિરણો સીધા જ પૃથ્વી પર આવે છે, જેના કારણે તાપમાન વધે છે. અને આવી ગરમી વાડી સ્થિતિમાં લુ લાગવી ડિહાઈડ્રેશન થવું, ગભરામણ થવી, ઝાડા, મરડો અને ઉલ્ટીઓ થવાની શક્યતા વધી જાય છે. અને વધુ પડતી ગરમીમાં ફરવામાં આવેતો મગજની નશોમાં વેહ્તું લોહી ગરમ થવાથી વ્યક્તિનો જીવ પણ જાય છે.

### હવે જાણીએ કે નવતપ ક્યારે શરૂ થાય છે ??

જ્યારે સૂર્ય રોહિણી નક્ષત્રમાં પ્રવેશ કરે છે ત્યારે નવતપ શરૂ થાય છે.જ્યારે સૂર્ય ૧૫ દિવસ માટે રોહિણી નક્ષત્રમાં પ્રવેશ કરે છે ત્યારે તેના શરૂઆતના ૯ દિવસોને નવતપ કહેવામાં આવે છે કારણ કે આ શરૂઆતના ૯ દિવસો દરમિયાન સૂર્યના સીધા કિરણો પડતા હોવાથી પૃથ્વી ખૂબ જ ઝડપથી ગરમ થાય છે.

પંચાંગ અનુસાર, સૂર્ય તા:૨૫/૦૫/૨૦૨૩ ને ગુરુવારે રાત્રે ૨૧:૦૦ વાગ્યે પ્રવેશ કરશે. અને તેઓ દાખલ થતાંની સાથે જ નવતપની અસર શરૂ થશે. એટલે કે તા:૨૫/૦૫/૨૦૨૩ એ રાત્રે સૂર્ય રોહિણી નક્ષત્રમાં પ્રવેશ કરશે ત્યાર પછીના બીજા દિવસ તા:૨૬/૦૫/૨૦૨૩ થી નવતપની અસર શરૂ થશે અને જે ૯ દિવસ ૩ થી ૪ જુન સુધી દરમિયાન નવતપ ની અસર મળશે. બીજું કે આ નવતપ માં વરસાદ ન આવે અને તે સારી રીતે ગરમ થાય તો આવનાર સમય માં સારો વરસાદ પડે છે. આવી સ્થિતિમાં ખેતી લાયક પાક સારો થવાના સંકેત હોય છે.આમ તા: ૨૬/૦૫/૨૦૨૩ થી ૦૪/૦૬/ ૨૦૨૩ સુધી ગરમી ના પ્રકોપ થી પોતાનો બચાવ કરવો.

### નવતપને લગતી માન્યતાઓ:

એવું માનવામાં આવે છે કે, જ્યારે નવતપ દરમિયાન ખૂબ ગરમી હોય છે, ત્યારે સારો વરસાદ પડે છે. નવતપમાં થોડો વધુ વરસાદ પડે તો તે સારો ગણાતો નથી. નવતપના દિવસોને ચોમાસાના ગર્ભાવસ્થાકાળ તરીકે પણ ઓળખવામાં આવે છે. અગસ્ત્ય તારાઓ નવતપ પહેલાં અસ્ત થઈ જાય છે. જેના કારણે થોડા દિવસોમાં હવામાન વરસાદી માહોલ માટે તૈયાર થઈ જશે.

રોહિણી નક્ષત્રમાં સૂર્યના આગમન બાદ નવ દિવસ ગરમી વધુ રહે છે. આ દિવસોમાં સૂર્ય અને પૃથ્વીની સ્થિતિ એવી થઈ જાય છે કે સૂર્યના સીધા કિરણો પૃથ્વી પર પડવા લાગે છે.

### નવતપમાં હીટવેવ ચાલી શકે છે:

નવતાપના દિવસોમાં મોટાભાગના સ્થળોએ ભારે ગરમી રહે છે. આ સ્થિતિમાં ગરમી પ્રત્યે બેદરકાર ન રહેવું જોઈએ. જો તમે બપોરે ઘરની બહાર નીકળતા હો, તો યોગ્ય સાવચેતી રાખવી જોઈએ. સીધા સૂર્યપ્રકાશમાં લાંબા સમય સુધી ઊભા રહેવાનું ટાળો. પાણી પીતા રહો, શરીરને ઠંડુ રાખો, આવી વસ્તુઓને ભોજનમાં સામેલ કરો. ધ્યાનમાં રાખો કે, શરીરમાં પાણીની કમી ન હોવી જોઈએ અને ભૂખ્યા પણ ન રહેવું જોઈએ.

**જન્મદિને વધામણી**



જતીનભાઈ જે દવે
મો. ૯૯૨૪૩ ૪૩૬૮૯



અશ્વિનભાઈ પી. દેસાઈ
મો. ૬૩૫૧૨ ૯૨૪૫૯



વૈભવ ચિરાગભાઈ વ્યાસ
મો. ૯૯૦૯૮ ૩૫૬૬૩



શરદ જે વઘાસીયા



રમણીક ભાઈ પટેલ
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



પટેલ શંભુભાઈ જીવણલાલ
મો. ૯૮૨૪૯ ૬૯૮૮૮

# જે.એમ.ચૌધરી કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ રાષ્ટ્રીયસ્તરે ઝળકી




ગાંધીનગર, તા.૨૫

તાજેતરમાં ૧૯મી સિનિયર જમ્પરોપ નેશનલ ચેમ્પિયનશિપ મધ્યપ્રદેશ ઉજ્જૈન ખાતે યોજાઇ હતી. તેમાં શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ગ્રાન્ટેડ વિભાગની ચાર ખેલાડી બહેનોએ ભાગ લઈ સિંગલ રોપ સ્પીડ ટીમ ઈવેન્ટમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરી શાળાનુ તેમજ ગુજરાત રાજ્યનું ગૌરવ વધારેલ છે. આ ખેલાડી બહેનો વર્લ્ડ જમ્પરોપ ચેમ્પિયનશિપ ૨૩ કોલોરાડો સ્પ્રિંગસ ''યુ.એસ.એ'' ખાતે યોજાનાર ઈન્ટરનેશનલ સ્પર્ધામાં સિલેક્શન પામેલ છે. જેમાં ચૌધરી ગ્રેસી વિજલાલભાઈ, ચૌધરી દિના હરજીભાઇ, ચૌધરી આરવી અલ્કેશભાઇ, ચૌધરી નિકિતા હરચંદભાઈનો સમાવેશ થાય છે. આ તમામ ખેલાડી બહેનોને અને શાળાના વ્યાયામ શિક્ષિકા બહેનો લીલાબેન આઈ ચૌધરી તેમજ દેસાઈ હેતલબેન જેઓએ ખેલાડીઓને સંપૂર્ણ માર્ગદર્શન પૂરું પાડેલ છે કોચ ધર્મેશભાઈ તેમજ દિવ્યેશભાઈએ ખેલાડીઓને કોચિંગ પૂરું પાડેલ છે.

તે બદલ અખિલ આંજણા કેળવણી મંડળ તેમજ શાળાના આચાર્ય રમીલાબેન એસ ચૌધરી ખુબ ખુબ અભિનંદન પાઠવે છે.

# નિફ્ટ ગાંધીનગર ખાતે ગ્રેજ્યુએશન પ્રોગ્રામનું આયોજન



ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર ખાતે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજીમાં ગ્રેજ્યુએશન પ્રોગ્રામ - ૨૦૨૩નું આયોજન કરાયું છે. ગ્રેજ્યુએશન પ્રોગ્રામ વિદ્યાર્થીઓના જીવનમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે, જે વિદ્યાર્થીઓની સખત મહેનત, સમર્પણ અને શૈક્ષણિક સિદ્ધિઓનું પ્રતિનિધિત્વ કરે છે. કાર્યક્રમમાં રિલાયન્સ રિટેલના ડિજિટલ ટ્રાન્સફોર્મેશન લીડર નીલભ અગ્રવાલ, ટેલ્સ એન્ડ સ્ટોરીઝના ચીફ અલિન શાહ, બેસ્ટસેલર ઈન્ડિયાના બાઈંગ અને મર્ચેન્ડાઈઝિંગ હેડ રોહિત સિંઘ, એજિયોના સ્વતંત્ર સલાહકાર મહાશ્વેતા શાહ, ઓરસના સહસ્થાપક પૂજા શાહ, અદાણી રિયલ્ટીમાં કાર્યરત આશિષ ગાર્ગી, મોરતંત્ર જ્વેલરીના સ્થાપક શૈલી શાહ અને નિફ્ટના નિયામક પ્રો. ડૉ. સમીર સૂદ ઉપસ્થિત રહ્યાં હતા.

# આજે સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા.૨૫

રામચરિત માનસ પંચમ સોપાન સુંદરકાંડ સંગીતમય પાઠનું ગોસ્વામી દિલીપગુરૂજીની વ્યાસપીઠે તા.૨૬ શુક્રવારના સવારે ૯-૩૦ કલાકે સુતરીયા પરિવારના યજમાન પદે પ્લોટ નં ૬૬૯/૨ સેક્ટર -૭/ બી, ઘ-૨ સર્કલ પાસે આયોજન કરવામાં આવ્યું છે. આ પાઠમાં પધારવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# બ્રહ્મસમાજના વિદ્યાર્થીઓ માટે નોટબુકનું વિતરણ થશે

ગાંધીનગર, તા.૨૫

બ્રહ્મ સમાજના અગ્રણી સંજયભાઈ ત્રિવેદી દ્વારા શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ( રાંધેજા જય રણછોડ ગીર ગૌ શાળા અને નિત્યમ પાર્ટી પ્લોટ ) દ્વારા, નહીં નફો નહીં નુકસાનના ધોરણે શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ-ગાંધીનગરના પરિવારના વિદ્યાર્થીઓ માટે ફુલસ્કેપ નોટબુકનું વિતરણ કરવાના છે. વિદ્યાર્થી દીઠ વધુમાં વધુ ૨ ડઝન ફુલસ્કેપ નોટબુક આપવાની હોવાથી વેહલા તે પહેલાંના ધોરણે, પોતાની જરૂરિયાત મુજબ નોંધણી કરાવશો. આપની શાખામાંથી કુલ નોટબુક્સ જરૂરિયાત અંગે શનિવાર તા.૩૦ સુધીમાં જણાવવા અથવા કિંજલભાઈ વ્યાસ : ૭૯૯૦૩૭૮૧૪૪નો સંપર્ક કરવા જણાવાયું છે.

# સામાન્ય ડ્રાયવરની નિવૃત્તિ અસામાન્ય બનાવતાં સંવેદનશીલ સરકારી કર્મીઓ

## માનવીય સંબંધોની ઉષ્મા અને ‘કર્મના ફળ’નો ઉષ્માસભર અને પ્રેરણાદાયી કિસ્સો : સોમનાથથી સચિવાલયની પોઇંટની બસના ડ્રાયવર ઇલ્યાસભાઇની સેવાને યાદગાર બનાવી

ગાંધીનગર, તા.૨૫

કોઈપણ વ્યવસ્થામાં નિવૃત્તિએ અફર નિયમ છે. પરંતુ આ નિવૃત્તિ કેટલી માનભેર થાય છે તે તમારા સમગ્ર જીવનકર્મનો સાર છે. સારું કાર્ય કર્યું હોય તો સારી અને યાદગાર વિદાય મળે જ છે. નિવૃત્તિના દિવસે બોલાયેલા શબ્દો નિવૃત્તકર્મી માટે જીવનભરનું સંભારણું બની રહેતું હોય છે. આવી જ એક સામાન્ય પરંતુ જવલ્લે જ જોવા મળતી ઋણાનુબંધની કથની આજે વાસ્તવમાં સાકાર થઈ. માનવીય સંવેદનાને ઉજાગર કરતો આવા જ એક પ્રેરણાદાયી વિદાયના કિસ્સાની આજે વાત કરવી છે.

વાત છે એક સામાન્ય ડ્રાયવરની કે, જેમણે ઘાટલોડિયા, નારણપુરા, ચાણક્યપુરી વિસ્તારમાં રહેતા અને ગાંધીનગર સચિવાલયમાં નોકરી કરતાં કર્મચારીઓ-અધિકારીઓને સતત ૧૫ વર્ષ સુધી ‘પોઇંટની સોમનાથ થી સચિવાલયની પોઇંટ બસ’ (સરકારી કર્મચારીઓને સચિવાલય પહોંચાડતી બસ) ના સારથી (ડ્રાયવર) બની સમયસર તેમના ગંતવ્યસ્થાને પહોંચાડ્યા છે તેવા ડ્રાયવર ઇલ્યાસભાઇ શેખનું અગાઉ કોઈ ડ્રાયવરનું ન થયું હોય તેવું સન્માન કરીને સમાજ માટે ‘કર્મનું ફળ’ મળે જ છે તેવાં ભારતીય સંસ્કૃતિની ઉક્તિ અને સંસ્કારોને ઝળકાવ્યા હતા.

સચિવાલયમાં રાજ્યભરમાંથી અરજદારો તેમના પ્રશ્નો, ફરિયાદો લઈને સચિવાલય આવતાં હોય છે. તેથી તેમને સમયસર ન્યાય આપી શકાય તે માટે સચિવાલયમાં નોકરી કરતાં અધિકારી-કર્મચારી માટે સમયબધ્ધ રીતે પહોંચવું જરૂરી હોય છે.

ઈલ્યાસહુસેન ગુલામહુસેન શેખ.... કે જેમણે સતત ૧૫ વર્ષ સુધી સરકારી કર્મચારીઓને તાપ, ઠંડી અને વરસાદ તથા ટ્રાફિક જેવા અન્ય ટાળી ન શકાય તેવા સંજોગોમાં પણ ગાંધીનગર સમયસર પહોંચાડ્યા છે.

ઈલ્યાસભાઇ ડ્રાઈવિંગનું પેશન ધરાવતા ડ્રાયવર છે. સામાન્ય રીતે નિવૃત્તિના છેલ્લા મહિનામાં લોકો રજા રાખી લેતા હોય છે. પરંતુ ‘બાબા’ ના નામે ઓળખાતા ઈલ્યાસભાઈ નિવૃત્તિના છેલ્લા દિવસ સુધી નોકરી પર આવવાના છે.

તેમની આ ફરજપરસ્તી અને નિયમિતતાની કદર કરતાં ‘સોમનાથ પોઈંટ બસ’ ના ડ્રાયવરનું તેમની નિષ્ઠા માટે યથોચિત સન્માન થવું જોઈએ. તેવા વિચારે આ બસના પ્રવાસી કર્મચારીઓએ તેમનું યોગ્ય સન્માન થાય તેવો વિચાર કર્યો હતો.

આ વિચારને અનુમોદન આપતા આ બસના પ્રવાસી કર્મચારીઓએ ’ફુલ નહીં તો ફુલની પાંખડી’ ના ન્યાયે ફાળો ઉઘરાવીને તેમનું શાલ, સાકરનો પડો, સવા રૂપિયો, ફુલની છડી અને ઉપહાર (ગીફ્ટ) આપીને બસમાં જ તેમનું અને તેમના પરિવારજનોનું સન્માન કર્યું હતું.



રાજ્ય સરકાર તો સંવેદનશીલ છે જ... તેના કર્મચારીઓ પણ કેટલા સંવેદનશીલ છે તેની મિસાલ આ નાનકડા પણ સમાજને પ્રેરણા આપી જાય તેવા વિદાય પ્રસંગે કરાવી છે.

ઈલ્યાસભાઈનું સન્માન પણ બસમાં પ્રવાસ કરતાં વરિષ્ટ લોકો કરે તેવી ઉન્નત ભારતીય પરંપરાની પણ વિદાય વખતે કાળજી રાખીને વિદાય આપવામાં આવી હતી.

આમ, તો ઈલ્યાસભાઈ તા. ૩૧ મી મે ના રોજ નિવૃત્ત થઈ રહ્યા છે. પરંતુ નિવૃત્તિની ફોર્માલિટી તેમજ તેમનો પરિવાર પણ આ ઉજળા પ્રસંગે ઉપસ્થિત રહી શકે તે માટે આજરોજ તેમને પુરા સન્માન અને ભવિષ્યની સુખમય સફરની મંગલ કામના સાથે તેમને વિદાય આપવામાં આવી હતી.



આ વિદાય પ્રસંગ માટે માહિતી ખાતાના સુનિલ પટેલ, રોજગાર વિભાગના વિરલ શાહ, પે એન્ડ પેન્શન વિભાગના અલ્કેશ ગાંધી, જગદીશ સતાપરા સહિતના કર્મીઓએ જહેમત ઉઠાવી હતી.